RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 33 Date: 24.11.2023 Friday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

### રાજસ્થાન વિધાનસભા ચૂંટણીનો પ્રચાર પુરો

# વડાપ્રધાન સહિતના નેતાઓએ પ્રચારમાં વ્યસ્ત રહ્યાં, ૧૮૭૫ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે



જયપુર,તા.૨૩ રાજસ્થાના વિધાનસભાની ચુંટણી માટેનો પ્રચાર આજે સાંજે પુરો થયો છે.આજે ચુંટણી પ્રચારના અંતિમ દિવસે ભાજપ કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોએ પ્રચાર કર્યો હતો.આ ઉપરાંત રેલીઓ રોડ શો વગેરે કરીને મતદારોને પોતાની તરફ આકર્ષિત કરવાનો પ્રયાસ કર્યો હતાં ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી,ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ. ભાજપના પ્રમુખ જે પી નડ્ડા તથા કેન્દ્રીય મંત્રીઓએ પ્રચાર કર્યો હતો જયારે કોંગ્રેસ તરફથી કોંગ્રેસના પ્રમુખ ખડગે,પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી પ્રિયંકા ગાંધી રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત સહિતના નેતાઓએ ચુંટણી પ્રચાર કર્યો હતો.

રાજસ્થાનની કુલ ૨૦૦ વિધાનસભા બેઠક છે, જેમાં ૩૩ બેઠક અનુસૂચિત જાતિ અને ૨૫ બેઠક અનુસૂચિત જનજાતિ વર્ગ માટે અનામત છે. જ્યારે બાકીની ૧૪૨ બેઠક સામાન્ય વર્ગ માટે છે. રાજસ્થાનની તમામ ૨૦૦ બેઠક પર એક જ તબક્કામાં ૨૫ નવેમ્બરે મતદાન થશે. જ્યારે પરિણામ ૩ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. રાજસ્થાન વિધાનસભાનું કાર્યકાળ ૧૪ જાન્યુઆરી ૨૦૨૪મા રોજ પૂર્ણ થાય છે.ત્યારે હવે ૧૪ જાન્યુઆરી પહેલા જ નવી સરકારની રચના થશે.

રાજસ્થાનની સત્તાનો નિર્ણય આ વખતે ૫ કરોડ ૨૬ લાખ ૮૦ હજાર ૫૪૫ મતદાર નક્કી કરશે. જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૨ કરોડ ૭૩ લાખ ૫૮ હજાર ૬૨૭ છે, જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૨ કરોડ ૫૧ લાખ ૭૯ હજાર ૪૨૨ છે. વિધાનસભાની ચૂંટણીનો જંગ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ખેલાવાનો છે. આ બંને મુખ્ય પક્ષ સિવાય બીએસપી, આરએલપી, સપા, બીટીપી, લેફ્ટ અને આરએલડી જેવા ઘણા પ્રાદેશિક પક્ષો પણ પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. આ સિવાય આમ આદમી પાર્ટી અને ઓવૈસીની પાર્ટી પણ મેદાનમાં છે. રાજસ્થાનમાં સાડા ત્રણ દાયકાથી સત્તા પરિવર્તનનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. એટલે કે દર પાંચ વર્ષે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સત્તા બદલાતી રહે છે.

રાજસ્થાન વિધાનસભા ચૂંટણીમાં ૧૮૭૫ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે, તેમાંથી ૬૫૧ ઉમેદવારો કરોડપતિ છે. અહેવાલો અનુસાર, આ વખતે ચૂંટણી લડનારા ઉમેદવારોની સરેરાશ સંપત્તિ ૩.૧૨ કરોડ રૂપિયા છે જ્યારે ગત ચૂંટણીમાં તે ૨.૧૨ કરોડ રૂપિયા હતી. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ એટલે કે એડીઆરના અહેવાલ મુજબ, ભાજપ તરફથી સૌથી વધુ ૧૭૬ કરોડપતિ ઉમેદવારો મેદાનમાં છે જયારે કોંગ્રેસના કરોડપતિ ઉમેદવારોની સંખ્યા ૧૬૭ છે. જયારે બીએસપીના ૩૬ અને આપના ૨૯ ઉમેદવારો કરોડપતિ છે. ૮ ઉમેદવારો એવા પણ છે કે જેમની પાસે કોઈ મિલકત નથી.

ચુરુથી કોંગ્રેસના ઉમેદવાર રફીક મંડેલિયા સૌથી અમીર ઉમેદવાર છે. તેમની પાસે ૧૬૬.૪૮ કરોડની સંપત્તિ છે. તેમના પછી નીમકથાના બીજેપી ઉમેદવાર પ્રેમ સિંહ બાજૌર છે, જેમની સંપત્તિ ૧૨૩.૨૩ કરોડ રૂપિયા છે. નિમ્બહેરાથી કોંગ્રેસના ઉમેદવાર ઉદયલાલ અંજના ૧૨૨.૯૪ કરોડની સંપત્તિ સાથે ત્રીજા સ્થાને છે. જે ઉમેદવારો પાસે કોઈ મિલકત નથી તેઓના નામ છે પુરુષોત્તમ ભાટી (અપક્ષ), વેદ પ્રકાશ યાદવ (અપક્ષ), હેમંત શર્મા એડવોકેટ (ઇન્ડિયન પીપલ્સ ગ્રીન પાર્ટી), બનવારીલાલ શર્મા (બીએસપી), કન્હૈયાલાલ (અપક્ષ), નાહર સિંહ (મજદૂર કિસાન અકાલી). દલ), બદ્રીલાલ (આઝાદ સમાજ પાર્ટી કાંશીરામ) અને દીપક કુમાર મીના (સમ્રાટ મિહિર ભોજ સમાજ પાર્ટી).

## ગાંધીનગર જિલ્લાના ૧૨૯ ટ્રાફિક બ્રિગેડના જવાનોએ કલેકટરને આવેદનપત્ર આપી પરત નોકરીએ લેવાની રજૂઆત કરી

સરકાર દ્વારા ટ્રાફિક બ્રિગેડના માનદ્ સભ્યોની નિમણૂંક પર સમય મર્યાદા મૂકવા સાથે જવાનોને ફરજમાંથી ઘરભેગા કરવાનો નિર્ણય લેવામાં આવતાં ગાંધીનગરના આશરે ૧૨૯ સહિત રાજ્યના અંદાજે ૯૦૦૦ જેટલાં ઈમ જવાનોએ સરકાર સામે વિરોધનો સૂર રેલાવ્યો છે. આજે ટ્રાફિક બ્રિગેડના જવાનોએ શિસ્તબદ્ધ રીતે રેલી કાઢીને જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું છે.



સમગ્ર ગુજરાત રાજ્યમાં પહેલી ડિસેમ્બરથી ટીઆરબી જવાન તરીકે ફરજ બજાવતા ૯,૦૦૦ થી વધુ કર્મચારીઓને છૂટા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેની સરકાર દ્વારા જાહેરાત પણ કરી દેવામાં આવી છે. ત્યારે છેલ્લા દસ વર્ષથી વધુ સમયથી ટીઆરબીમાં ફરજ બજાવતા કર્મચારીઓને છૂટા કરવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવતા જવાનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ગુજરાતના દરેક જિલ્લાના ટીઆરબી જવાનો ઉચ્ચકક્ષાએ પોતાની વેદના પહોંચતી કરવા માટે આવેદન પત્ર પાઠવી રહ્યા છે. આજે ગાંધીનગર જિલ્લાના જવાનો દ્વારા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું છે. આ અંગે ટ્રાફિક બ્રિગેડ જવાનોએ કહ્યું હતું કે, રાજ્યના તમામ ટ્રાફિક બ્રિગેડ જવાનોને તાત્કાલીક અસરથી છુટા કરી દેવા તે નિર્ણય યોગ્ય નિર્ણય નથી. ટ્રાફિક બ્રિગેડના જવાનોએ ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સંમેલન, જી-૨૦ સંમેલન, પીએમ , મુખ્યમંત્રી, રાજ્યાપાલના વીવીઆઈપી બંદોબસ્તો નિષ્ઠાપુર્વક પોલીસ સાથે રહીને ફરજ નિભાવે છે .અમારા જીવનની કારકિદી બનાવવાના અમુલ્ય સમય અમે માનદ સેવક તરીકે સેવા આપેલ છે. ફક્ત ૩૦૦ રૂપિયા જેવા નજીવા દરે કોવિડના લોકડાઉન સમયમાં પોતાના જીવને નેવે મૂકી ફરજ બજાવી છે. સરકાર દ્વારા રોજગાર અંગે નવી તકો ઉભી કરવામાં આવે છે. બીજી તરફ સરકારે જ રાજ્યના તમામ ટ્રાફિક બ્રિગેડ જવાનોને છૂટા કરીને રસ્તે રઝળતા કરી દેવાયા છે. અમારી આપીલ છે કે સરકાર ફક્ત ગુજરાત રાજ્યના ૬૪૦૦ જેટલા ટ્રાફિક બ્રિગેડનું નહી પણ૬૪૦૦ ટ્રાફિક બ્રિગેડના પરીવાર વિશે ફેર વિચારણા કરે અથવા આદેશને પરત ખેંચે.

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રીય અખંડતાના શપથ લેવડાવ્યા

સાંપ્રદાયિક સદભાવ અભિયાન સપ્તાહ અંતર્ગત રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે રાષ્ટ્રીય અખંડતાના શપથ લેવડાવ્યા હતા.રાષ્ટ્રમાં સાંપ્રદાયિક સદભાવની ભાવના વધુ મજબૂત બને એવા ઉદ્દેશ સાથે તા. ૧૯ થી ૨૫ નવેમ્બર દરમિયાન સમગ્ર દેશમાં સાંપ્રદાયિક સદભાવ અભિયાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવન પરિવારના સૌ સભ્યોને શપથ લેવડાવ્યા હતા.



સૌએ રાષ્ટ્રીય અખંડતાના શપથ લીધા હતા કે 'હું સત્ય નિષ્ઠાથી પ્રતિજ્ઞા લઉં છું કે, દેશની આઝાદી અને અખંડતાના જતન માટે અને તેને વધુ સુદ્રઢ બનાવવા માટે હું સમર્પિત ભાવથી મારું કર્તવ્ય નિભાવીશ.

હું એવી પ્રતિજ્ઞા પણ લઉં છું કે, હું ક્યારેય હિંસાના માર્ગે જઈશ નહીં. તથા ધર્મ, ભાષા કે ક્ષેત્ર સંબંધિત ભેદભાવ સંઘર્ષ કે અન્ય રાજનૈતિક કે આર્થિક ફરિયાદોનું નિવારણ શાંતિપૂર્ણ તથા સંવૈધાનિક રીતે લાવવાના પ્રયત્નો કરીશ.' રાજભવન પરિસરમાં રાજયપાલશ્રીના અગ્ર સચિવ શ્રી રાજેશ માંજુ, એડીસી શ્રી વિકાસ સુન્ડા તથા તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ રાષ્ટ્રીય અખંડતાના શપથ લીધા હતા.

## સાયન્સ કલબ ના વિધાર્થીઓ માટે સાયન્સ એક્સ્પોઝર ટુર નું આયોજન કરવામાં આવ્યું








વિદ્યાર્થીઓને મનોરંજન સાથે જ્ઞાન મળે અને ઔદ્યોગિક એકમોની કામગીરી તેમજ નવી ટેકનોલોજીથી વાકેફ થાય તેવા હેતુથી ગુજકોસ્ટ પ્રેરિત,નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે સાયન્સ એક્સ્પોઝર ટુર નું આયોજન કરવામાં આવે છે.આ વર્ષે પણ સાયન્સ કલબના વિદ્યાર્થીઓ માટે સેરેનિટી લાઈબ્રેરી અને બોટનિકલ ગાર્ડન અને અમૂલ ફેડ ડેરી ,ભાટ ની ટુર કરાવવામાં આવી જેમાં જી.પી.સી.બી. પ્રાદેશિક કચેરી, ગાંધીનગર નો સહયોગ રહ્યો. આ ટૂરમાં વિદ્યાર્થીઓને સેરેનિટી લાઇબ્રેરી અને બોટનિકલ ગાર્ડન , ભાટ ની મુલાકાત કરાવવામાં આવી હતી જેમાં તેમને જંગલમાં જોવા મળતા વિવિધ વૃક્ષો અને તેની જાતો વિશે તેમજ પ્રાણીઓ અને પક્ષીઓ તેમજ પતંગિયા વિશે જાણકારી આપવામાં આવી હતી.અમૂલ ફેડ ,ભાટ ખાતે દૂધ અને તેની બનાવટના પ્લાન્ટ દેખાડવામાં આવ્યા હતા.અમૂલ ડેરીની સ્થાપનાની અને સમગ્ર નેટવર્ક અને પ્રોડકશન અંગેની ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી .અમૂલ બટર પ્લાન્ટ, અમૂલ ટેટ્રા પેક પ્લાન્ટ ,અમૂલ આઈસ્કીમ પ્લાન્ટ માં પેકિંગ કેવી રીતે થાય છે. તેમજ પ્લાન્ટમાં ટેકનોલોજી નો ઉપયોગ કઈ રીતે થાય છે તેની ઊંડાણપૂર્વક સમજૂતી ધવલભાઈ એ વિદ્યાર્થીઓને આપી હતી. આ ટુરના આયોજન થકી વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ પર્યાવરણ વિશે માહિતી ગાર થયા.

તંત્રી લેખ......

## દિવાળીની સિઝનમાં કરન્સી સર્ક્યુલેશનમાં ઘટાડો, ડિજિટલ પેમેન્ટનો વ્યાપક ઉપયોગ

દિવાળીના તહેવારોમાં કરન્સીના સર્ક્યુલેશનમાં ઘટાડો જોવા મળ્યો છે. જીૈ રિસર્ચના રિપોર્ટ પ્રમાણે આ વખતે તહેવારોમાં લોકોએ રોકડને બદલે ડીજીટલ ટ્રાન્સેકશનનો વધુ ઉપયોગ કર્યો છે. સતત બીજા વર્ષે આ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે જે ભારતની ઈકોનોમી માટે એક સારા સંકેત છે. જો દિવાળીના તહેવારોના અઠવાડિયાની વાત કરવામાં આવે તો કરન્સી સર્ક્યુલેશન ઘટીને રૂ. ૫,૯૦૦ કરોડ થયું જે અગાઉ રૂ. ૭,૬૦૦ કરોડ હતું.

અહેવાલમાં ડિજિટલ પેમેન્ટમાં થયેલા વધારાની પાછળ મુખ્ય ભૂમિકા અર્થતંત્રને ડિજિટાઇઝ કરવાના સરકારના પ્રયાસોને આપવામાં આવ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કેૈં, વોલેટ્સ અને પીપીઆઇ જેવી ઇન્ટરઓપરેબલ પેમેન્ટ સિસ્ટમ્સે ડિજિટલ રીતે નાણાં ટ્રાન્સફર કરવાનું સરળ અને સસ્તું બનાવ્યું છે. આનાથી એવા લોકોને પણ ફાયદો થયો છે જેમની પાસે બેંક ખાતા નથી. ઊઇ કોડ અને દ્ગહ્લઝ જેવા નવા સંશોધનોએ પણ ડિજિટલ પેમેન્ટમાં મદદ કરી છે. ઘણી મોટી ટેક કંપનીઓ પણ આ ઉદ્યોગમાં આવી છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન અનુસાર, ઓક્ટોબર મહિનામાંૈ દ્વારા ૧૭.૧૬ લાખ કરોડ રૂપિયાના ૧૧ અબજથી વધુ વ્યવહારો થયા હતા.

# રાજ્યની આઠ સરકારી યુનીવર્સીટીમાં કાયમી કુલપતિની નિમણુક ના થાય તે પ્રકારે શિક્ષણ વિભાગની અણઘડ અને રગશિયા કામગીરી



- કરાર આધારિત કુલપતિઓ ના કરાર લંબાવવા ની મેલી રમત રમાઈ રહી છે જેથી સરકાર અનુકુળતા મુજબ મનફાવે તેવા નિર્ણયો કરાવી શકે
- કુલપતિ પસંગી માટેની સર્ચ કમિટી આગળ કામગીરી કરીને કાયમી કુલપતિ પસંદગીને આખરી ઓપ ના અપાય અને બીજી બાજુ સંસદની ચૂંટણીને ધ્યાને લઇ અનેકને ગાજર લટકાવી શકાય તે પ્રકારનો ખેલ ગોઠવાઈ રહ્યો છે

રાજ્યની આઠ સરકારી યુનીવર્સીટીમાં કાયમી કુલપતિની નિમણુક ના થાય તે પ્રકારે શિક્ષણ વિભાગની અણઘડ અને રગશિયા કામગીરી પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યની સરકારી યુનીવર્સીટીઓ પર કબજો જમાવવાની માનસિકતા દ્વારા બહુમતીના જોરે પસાર કરેલ કાયદા થી શૈક્ષણિક વ્યવસ્થાને મોટું નુકશાન થઇ રહ્યું છે. રાજ્યની આઠ સરકારી યુનીવર્સીટીઓના કુલપતિઓની કાયમી નિમણુંકો ન થાય તે માટે તખ્તો ગોઠવાઈ રહ્યો છે. રાજ્ય સરકાર ખુદ શિક્ષણ વ્યવસ્થા ખાડે ધકેલવા આગળ વધી રહી છે બહુમતીના જોરે શિક્ષણ વ્યવસ્થાને નુકસાન કરતો પબ્લિક યુનીવર્સીટી એક્ટના નિયમોનું મનફાવે તે રીતે અર્થઘટન શિક્ષણ વિભાગ કરી રહ્યું છે. રાજ્યની સરકારી યુનીવર્સીટીની વ્યવસ્થાઓ જાણી જોઇને ખોરવાય, મનમાની ચલાવી શકાય તે દિશામાં રાજ્ય સરકાર એક પછી એક પગલા ભરી રહી છે. કરાર આધારિત કુલપતિઓ ના કરાર લંબાવવા ની મેલી રમત રમાઈ રહી છે જેથી સરકાર અનુકુળતા મુજબ મનફાવે તેવા નિર્ણયો કરાવી શકે. શું આ છે ભાજપનું શિક્ષણ મોડલ ?

સર્ચ કમિટીમાં નિયુક્ત કરવામાં આવેલ સભ્ય યેન – કેન પ્રકારે કાયદા મુજબ ન હોવાથી સર્ચ કમિટીની કાર્યવાહી માંથી મુક્ત થવું પડે તે શિક્ષણ વિભાગની મંશાને ખુલી પાડે છે. રાજ્યની માત્ર ૩ સરકારી યુનીવર્સીટી જી.ટી.યુ., ગુજરાત યુનીવર્સીટી અને એમ.એસ. યુનીવર્સીટમાં કાયમી કુલપતિ છે અન્ય આઠ યુનીવર્સીટી કરાર આધારિત અને કાર્યકારી કુલપતિથી વહીવટ ચાલી રહ્યા છે.ગુજરાત રાજ્યમાં ડમી સરકારી ઓફિસો, ડમી આઈએએસ, આઇપીએસ, વિગેરે ઓફિસર, મુખ્યમંત્રી તથા પ્રધાનમંત્રીની કાર્યાલયના અધિકારીઓ, ની જેમ કુલપતિને સર્ચ કમિટીના ત્રણ સભ્યોના નામોમાં પણ ડમી નામો આવી ગયા તે જવાબદારી કોની? સર્ચ કમિટીમાં પણ ડમી નામો રાખીને કરાર આધારિત કુલપતિઓને સમય લંબાવી આપવાનું મોટુ કૌભાડ થઇ રહ્યાનું જણાય છે. સરકારી અધિકારીઓને ખબર જ હોય છે કે નામ કોનું મૂકી શકાય ? કાયદા મુજબ શું જોગવાઈ છે ? તેમ છતાં કુલપતિ પસંગી માટેની સર્ચ કમિટી આગળ કામગીરી કરીને કાયમી કુલપતિ પસંદગીને આખરી ઓપ ના અપાય અને બીજી બાજુ સંસદની ચૂંટણીને ધ્યાને લઈ અનેકને ગાજર લટકાવી શકાય તે પ્રકારનો ખેલ ગોઠવાઈ રહ્યો છે. અને આ ખેલમાં હાલના કાર્યકારી કુલપતિઓનો કરાર લંબાવાઈ જાય તેવું સ્પષ્ઠ આયોજન ચાલી રહ્યું છે જે શિક્ષણ જગત માટે નુકશાન જનક છે.



નારણપુરા ના જૈન મિત્ર મંડળ દ્વારા નવ વરસ નિમિત્તે સ્નેહ મિલન કાર્યક્રમ સિંધુભવન વિસ્તારમાં યોજવામાં આવ્યો હતો સ્નેહ મિલન કાર્યક્રમ માં સૌ સહ પરિવાર હાજર રહ્યા હતા ,દલસુખભાઈ શાહ મિત્ર મંડળ ના વરિષ્ઠ સભ્યનું ( મહેશ ડી શાહ પૂર્વ આસિ, મેનેજર એએમસી ના પિતાશ્રી ) સન્માન કરવામાં આવ્યું હોવાનુ એએમસી પેન્શનર મિત્ર મંડળના પ્રમુખ મનહરસિંહ વાઘેલાએ જણાવ્યું છે

# આતંકવાદ હજું ખતમ થયો નથી



ભલે મોદી સરકાર જોરશોરથી બણગાં ફૂંકે કે અમે આતંકવાદ ઉપર કાબુ મેળવ્યો છે, પરંતુ આ બધાં પોકળ દાવાઓ સાબિત થાય છે. આતંકવાદને નાથવાનું કામ એ કાંઈ ખાંડાના ખેલ નથી. દરરોજ અખબારનાં પાનાં ખોલતાં ક્યાંક ને ક્યાંક નક્સલી કે આતંકવાદી હુમલાના સમાચારો વાંચવાં મળે છે. આતંકવાદીઓ આતંક ફેલાવીને ભારત દેશને ખોખલો કરવાની હીન અને જઘન્ય પ્રવૃત્તિ કરે છે. આપણી સરહદો પણ માત્ર કાંટાળી વાડ બનાવીને કરવામાં આવી છે અને સરહદો પણ એટલી બધી લાંબી છે કે આતંકવાદીઓ કઈ જગાએથી ઘૂસ મારશે એ લશ્કરના જવાનો અને અધિકારીઓ માટે માથાના દુઃખાવા સમાન સાબિત થાય છે. આતંકવાદીઓ તો માથે કફન બાંધીને અને મોતને મુઠ્ઠીમાં રાખીને ફરતાં હોય છે અને દેશદ્રોહી પ્રવૃત્તિઓ કરે છે. તો બીજી તરફ એક જવાન તૈયાર કરવામાં સરકારને કેટલો બધો આર્થિક બોજો પડે છે. દર વર્ષે સરકાર દેશનાં સંરક્ષણ પાછળ કરોડો રૂપિયાનું બજેટ નક્કી કરે છે. જ્યારે આપણાં નૌજવાનો પોતાનું ઘર પરિવાર, પત્ની બાળકો તથા માતાપિતાને છોડીને પોતાના વતનથી હજારો કિલોમીટર દૂર માભોમની રક્ષા કાજે ૨૪ કલાક ખડેપગે તૈયાર રહે છે. જો આપણા જવાનો આપણી રક્ષા ન કરતાં હોત તો આતંકવાદીઓએ ક્યારનોય આપણાં દેશ ઉપર કબજો જમાવી દીધો હોત. આના માટે આપણા જવાનોને સલામી આપવી ઘટે. પરંતુ જયારે આતંકવાદીઓ હુમલો કરે છે ત્યારે આપણાં જવાનો શહીદ થાય છે અથવા બૂરી રીતે જખ્મી થઈને કાયમ માટે અપાહજ બની જાય છે. જવાનની શહીદગીથી એનો ઘર પરિવાર બરબાદ થઈ જાય છે. સરકારી અને લશ્કરી અધિકારીઓ ચાર દિવસ સુધી સરકારી પ્રોટોકોલ નિભાવી એ શહીદને ભુલી જાય છે. માભોમ કાજે જેણે હસતાં હસતાં પોતાના પ્રાણની આહુતિ આપી એવા નરબંકા શહીદના પરિવારની કોઈ કદર કે દરકાર કરતું નથી. બીજું જેટલાં પ્રમાણમાં જવાનો શહીદ થાય છે એટલા પ્રમાણમાં નવા જવાનોની ભરતી થતી નથી અને લશ્કરી તાલીમ પણ એટલી બધી આકરી અને કડક હોય છે કે આજનું યુવાધન લશ્કરી નોકરી મેળવવાનું ટાળે છે. સરકાર ભલે આતંકવાદને કાબુ કરવાના ભરચક પ્રયાસ કરે પરંતુ એમાં સફળતા મળવાની શક્યતા બહું ઓછી છે કારણકે આપણી સરહદો ઘણી લાંબી અને મજબૂત દિવાલો વગરની છે. આતંકવાદીઓ ઊંડી ખાઈ અને ખીણમાં ક્યાં સંતાયા છે એ શોધવું ઘણું અઘરૂં છે. ઉપરાંત આપણાં લશ્કરમાં અમુક દેશદ્રોહીઓ લશ્કરની કાર્યવાહીની ગુપ્ત માહિતી દુશ્મનોને પહોંચાડે છે, વળી આપણાં પાડોશી દેશો પણ ત્રાસવાદને પોષે છે અને ભારત વિરુદ્ધ ભડકાવવામાં આગમાં ઘી રેડવાનું કામ કરે છે. આમ આતંકવાદને નેસ્તનાબૂદ કરવો એ સહેલી વાત નથી. પરંતુ દુઃખ એ બાબતનું છે કે આતંકવાદીઓના હિચકારા કૃત્યથી નિર્દોષ જવાનો શહીદ થાય છે અને એમના પરિવારનો માળો વેરવિખેર થઈ જાય છે.

યોગેશભાઈ આર જોશી
હાલોલ: ૩૮૯૩૫૦

# વિજાપુર ભાજપ દ્વારા માર્કેટયાર્ડ માં નૂતન વર્ષની શરૂઆતમાં સ્નેહ મિલન સભારંભ યોજાયો



વિજાપુર તા

વિજાપુર તાલુકા ભાજપ તેમજ શહેર ભાજપ દ્વારા માર્કેટયાર્ડ ના પટાંગણ માં કાર્યકરો નો સ્નેહ મિલન સભારંભ પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો એકે પટેલ ની અધ્યક્ષતામાં યોજાયો હતો જેમાં સાંસદ સભ્ય શારદા બેન પટેલ જીલ્લા પ્રભારી વર્ષાબેન દોશી જીલ્લા પ્રમુખ ગીરીશ રાજગોર તેમજ પૂર્વ ધારાસભ્ય રમણભાઈ પટેલ કાંતિ ભાઈ પટેલ તેમજ પૂર્વ તાલુકા પ્રમુખ સોમાભાઈ પટેલ તેમજ ગોવિંદપુરા જૂથ પંચાયત ના સરપંચ ભાજપ ના અગ્રણી માધુભાઈ પટેલ મંત્રી ભાવસોર વિષ્ણુભાઈ પટેલ તેમજ ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ડો એકે પટેલે તમામ કાર્યકરો ને શુભેચ્છા પાઠવી હતી અને પક્ષાની કામગીરી ને મજબૂત બનાવવા અપીલ કરી હતી

# મુખ્યમંત્રી એક અઠવાડિયા સુધી વિદેશ પ્રવાસે: ૨૫ નવેમ્બરથી ટોકિયો-જાપાન-સિંગાપોરની મુલાકાતે, ઔદ્યોગિક-આર્થિક વિકાસ માટે અગ્રણીઓ સાથે વન-ટુ-વન બેઠકો કરશે



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ આગામી ૨૫ નવેમ્બરના રોજ જાપાન અને સિંગાપોરના ૧ સપ્તાહનાં પ્રવાસે જવા રવાના થશે. વિઝનરી લીડરશીપમાં જાપાન અને ગુજરાત વચ્ચે ઉદ્યોગ-વ્યાપાર, વાણિજ્ય, સાંસ્કૃતિક-આર્થિક સંબંધોનો સેતુ વધુ વિસ્તૃત વિકસિત કરવા તેમજ ગુજરાત ઔદ્યોગિક અને આર્થિક વિકાસની જે હરણફાળ ભરી રહ્યું છે. તેના સંદર્ભમાં જાપાનના ઉદ્યોગ-વાણિજ્ય ક્ષેત્રની ભાગીદારી વ્યાપક બનાવવાના ઉદ્દેશથી આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે ૈંઢ્ઢઝના મેનેજિંગ ડિરેક્ટર રાહુલ ગુપ્તાએ મુખ્યમંત્રીના જાપાન પ્રવાસ અંગેની વિગતો આપી હતી.

સતાવાર યાદી અનુસાર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાતનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ ૨૬ નવેમ્બરના રોજ ટોકિયોમાં વસતા ગુજરાતી સમાજના લોકો સાથેની મુલાકાતથી તેમના જાપાન-સિંગાપોર પ્રવાસની શરૂઆત કરશે. મુખ્યમંત્રી ગુજરાતી સમાજના લોકો સાથે વાતચીત કરશે અને જાપાનના વિકાસમાં તેમના યોગદાન અંગે જાણકારી મેળવશે. તે પછીના દિવસે એટલે કે ૨૭ નવેમ્બરના રોજ મુખ્યમંત્રી અને ગુજરાતનું પ્રતિનિધિમંડળ જાપાનના ટોકિયો ખાતે એમ્બેસીની ટુંકી મુલાકાત લેશે.

ગુજરાતમાં ઔદ્યોગિક આર્થિક વિકાસની અનોખી સંભાવનાના સંદર્ભમાં જાપાન ભાગીદાર બને તે હેતુસર જાપાન સરકાર, જાપાનના ઉદ્યોગો તેમજ જાપાનીઝ સંસ્થાઓની મુખ્યમંત્રી અને પ્રતિનિધિમંડળ મુલાકાત લેશે. તેમજ પરસ્પર સહયોગના ક્ષેત્રો વિકસાવવા માટે પરામર્શ કરશે. આ દિવસે મુખ્યમંત્રી અને ગુજરાતનું પ્રતિનિધિમંડળ ત્નઈંઈંના પ્રેસિડેન્ટ, ટોક્યોના ગવર્નર તેમજ ત્નૈંઝના ગવર્નરની પણ મુલાકાત લેશે. ૨૭ નવેમ્બરની સાંજે મુખ્યમંત્રી અને ગુજરાત પ્રતિનિધિમંડળ જાપાનમાં ભારતના રાજદૂત સીબી જ્યોર્જ દ્વારા ઇન્ડિયા હાઉસ ખાતે આયોજિત ગુજરાતનાં મુખ્યમંત્રીનાં માનમાં આયોજીત ડિનરમાં જોડાશે.

ગુજરાતમાં હાલ અનેક જાપાનીઝ ઉદ્યોગો અને ઉત્પાદન એકમો કાર્યરત છે. ઈન?ફ્રાસ્ટ્રક્ચર, પ્રો-એક્ટીવ પોલીસીઝ, ગુડ ગવર્નન?સ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને ઝીરો મેન ડેઝ લોસ જેવા ઉદ્યોગ મૈત્રીપૂર્ણ અભિગમથી પ્રેરિત થઈને વધુ જાપાનીઝ ઉદ્યોગો ગુજરાતમાં મૂડીરોકાણ માટે અને પરસ્પર સહયોગનાં ક્ષેત્રો વધુ વિકસે તેવા ઉદ્દેશય સાથે ટોકીયોમાં મુખ્યમંત્રી ભૂપેન?દ્ર પટેલ અગ્રણી ઉદ્યોગકારો સાથે વન ટુ વન બેઠકો પણ યોજવાના છે.

તારીખ ૨૯ નવેમ્બરના રોજ, ટોકિયો રોકાણના ચોથા દિવસે ટોકિયોની ઈમ્પિરિયલ હોટલ ખાતે રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોડ શો દરમિયાન પણ મુખ્યમંત્રી સાથે વિવિધ વન-ટુ-વન બેઠકો આયોજિત કરવામાં આવી છે. રોડ શો પૂરો થયા પછી ૨૯ નવેમ્બરની સાંજે મુખ્યમંત્રી અને ગુજરાતનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ બુલેટ ટ્રેન મારફતે કોબે જવા રવાના થશે.

જાપાન પ્રવાસના પાંચમા દિવસે એટલે કે ૩૦ નવેમ્બરના રોજ મુખ્યમંત્રી ભૂપેન?દ્ર પટેલ કોબેના ગવર્નર અને મેયરની મુલાકાત લેશે, ત્યારબાદ મુખ્યમંત્રી અને ગુજરાતનું પ્રતિનિધિમંડળ જાપાનમાં વસતા ગુજરાતી સમાજના લોકો સાથેના ભોજન સમારોહમાં જોડાશે અને જાપાનમાં વિવિધ ક્ષેત્રે ભારતીય તેમજ ગુજરાતી સમુદાયના લોકોના યોગદાન અંગે ચર્ચા-પરામર્શ કરશે. ત્યારબાદ તેઓ ત્યાંથી સિંગાપોર જવા રવાના થશે.

# બિઝનેસ વર્લ્ડ દ્વારા આયોજિત કોન્ક્લેવમાં જૈનાચાર્ય લોકેશજી આંતરિક શાંતિ માટેના ઉપાયોની ચર્ચા કરશે




'વિશ્વ શાંતિ કેન્દ્ર'નાં સ્થાપક જૈનાચાર્ય લોકેશજી ૨૪ નવેમ્બરનાં રોજ વ્યક્તિઓને સ્વ-શોધ અને આધ્યાત્મિક વિકાસની ઊંડી યાત્રા પર માર્ગદર્શન આપવા માટે સમર્પિત બિઝનેસ વર્લ્ડ દ્વારા આયોજિત આધ્યાત્મિક સંમેલન 'એમ્બ્રેસિંગ ઈનર હાર્મની'ને સંબોધિત કરશે.

પ્રાચીન જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનની શોધ કરીને, ઈવેન્ટનાં પ્રતિભાગીઓ આંતરિક શાંતિ વિકસાવવા અને વધુ સુમેળભર્યું જીવન જીવવા માટે સમજ અને સાધનો મેળવશે. જીવનના પડકારોને વધુ સ્થિતિસ્થાપકતા, માઈન્ડફુલનેસ અને ઉદ્દેશ્યની ઊંડી સમજ સાથે પાર કરવા ઈચ્છતા કોઈપણ માટે આ ઈવેન્ટ માર્ગદર્શક બની રહેશે.

આચાર્ય લોકેશજી સાથે આધ્યાત્મિક નેતા સ્વામી મુકુદાનંદજી, સિસ્ટર જયંતિજી, બ્રહ્મા કુમારીઝના વધારાના વહીવટી વડા, સાધ્વી ભગવતી સરસ્વતીજી, દૈવી શકિત ફાઉન્ડેશનના પ્રમુખ, ડૉ. અનુરાગ બત્રા – બી.ડબલ્યુ બિઝનેસવર્લ્ડનાં ચેરમેન અને એડિટર-ઈન-ચીફ અને એક્સચેન્જ ૪ મીડિયાનાં સ્થાપક, યોગા લવના સ્થાપક ઈરાના ત્રિવેદી, સેલિબ્રિટી શેફ રણવીર બ્રાર, બી.ડબલ્યુ વેલબીઈંગ વર્લ્ડના સી.ઈ. ઓ હરબિન્દર નરુલા અને બી.ડબલ્યુ બિઝનેસ વર્લ્ડ એ. જી.એમ કોન્ફરન્સ પ્રોડકશન દેવિકા કુંડુ સેનગુપ્તા પણ ઈવેન્ટમાં હાજરી આપવા માટે મુંબઈ પહોંચશે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. - 39**
વિષય -- લઘુકથા
શીર્ષક -- દગો
શબ્દો -- ૩૫૦
તારીખ -- ૨૩ - ૧૧ - ૨૩
લેખિકા - પ્રફુલ્લા "પ્રસન્ના"

આજે પૂનમની રાત હતી.
પણ મારી અંદર ભડભડતા સૂરજની આગ હતી.ગઈ કાલ સુધી બધું જ બરાબર હતું,
ચૌદશની ચાંદની પણ માણી હતી!

સવારે જાગીને જોયું તો મારી બાજુમાં રાહુલનું જડ શરીર હતું.....

અડધી રાત સુધી એ સળવળ્યા કરતા હતાં એ મને ખબર છે. હું ક્યારે ઊંઘી ગઈ ને એ ક્યારે નિશ્ચેતન બની ગયા! એક જીવતું જાગતું શરીર જેનાં, બત્રીસે અંગ સલામત છે એ એકાએક નિશ્ચેતન કેવી રીતે બની જાય? કેવી રીતે? એકાએક કેવી રીતે? ક્યારેય ઉંઘ્યો જ ન હોય એવી રીતે ઊંઘે છે!
બધા બહુ લોકો આવ્યા છે પણ કોઈ એમને જગાડતું નથી.
કોઈકે મને એમની પાસે બેસાડી દીધી.
બેસી ગઈ, બહુ પંપાળયા, બહુ વ્હાલ કર્યું,
માથા ઉપર માથું મૂકી દીધું, હાથ હાથમાં લીધો પણ એતો જાણે લાકડું! કોઈ પ્રત્યત્તર પણ નહીં?આવું તો ક્યારેય નથી બન્યું!
મારા સ્પર્શનો એ ભરઊંઘમાંય જવાબ આપતા, નજીક આવીને.
આ તે કેવું? આવું તે કંઈ હોય?
કોઈક ભવનું વેર વાળવાનું હોય એમ કચકચાવીને ફટાફટ બાંધી દીધા બધાએ અને લઈને ચાલી નીકળ્યા!

મને ઘરમાં લાવ્યા અને મને ભાન થયું કે બધાની વચ્ચે હું એકલી રહી ગઈ.
મારો પ્રિયતમ, દરેક પળે, સુખમાં અને દુઃખમાં સાથે જ રહેવાનું વચન આપનાર, આજે અધૂરા જીવતરે મને એકલી મૂકીને ચાલી ગયો!

આજે મેં એકલા જ સુવાની જીદ કરી.બાજુમાં કોઈ સળવળાટ નહોતો. એક જણ વિધ્વંસ્ત થઈ ગયો હતો!

એક અઠવાડિયું વીતી ગયું. હું સાવ એકલી થઈ ગઈ. મને મારામાં છુપાવીને રાખેલી એક બીજી જિંદગી યાદ આવી!

ઉઠીને થોડી ફ્રેશ થઈને રાહુલનાના ફોટા કાઢવા માટે એનું કબાટ ખોલ્યું. કપડાંની થપ્પી નીચેથી એક કાગળ મળ્યો.
એણે લખ્યું હતું, "અમુ, મિહિર સાથેની તારી એક સેલ્ફી મારા હાથમાં આવી ગઈ. ગાંડી, તારી પર્સનલ વસ્તુ આવી રીતે રખડતી ના મુકાયને? તને તારું અંગત પણ છૂપું રાખતા નથી આવડતું! કેટલી ભોળી છું તું! મને કીધું હોત તો...? મિહિર બહુ પ્રેમાળ છે. હું કરું છું એટલો જ, બલ્કે એનાથી વધારે પ્રેમ એ તને કરશે..અમુ, મારૂં ખૂબ ખૂબ વ્હાલ".

કાગળ વાંચીને પગ નીચેની જમીન ખસતી હોય એવું લાગ્યું. મારો અંગત ખૂણો એ જોઈ ગયો હતો. એનાથી એ આઘાત સહન નહિ થયો હોય!

જીવનમાં એક સાથે બે પુરુષને ચાહવાની સજા મને મળી ગઈ! મારાં માંહ્યલાને જાણે લકવો મારી ગયો!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.0059**
વિષય શબ્દ: મનપસંદ
પ્રકાર: હાઈકૂ.
શીર્ષક: ★મનપસંદ અવસ્થા★
લેખક:જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

બાળ અવસ્થા
ભૂખ, લાગી મા,યાદ,
મનપંસદ.!

શીશુ અવસ્થા
ગમતાં રમકડા
મનપંસદ !

તરૂણ કાળ
ભાવતી વાનગીઓ
મનપસંદ !

આવી યૂવાની !
મોજ-મસ્તી આનંદ
મનપસંદ !

વૃધ્ધા અવસ્થા
યાદો કરવી તાજી,
મનપસંદ !

બિમારી કાળ ?
મનપસંદ દવા
ને ડોકટર !

મનપસંદ ?
પ્યારે' ઈશ્ર્વર ગોદે !
મૃત્યુ સમય.

---

**નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પંચમહાલ તથા મહીસાગર જિલ્લાના મકાન અને માર્ગ પંચાયત વિભાગ ગોધરા લુણાવાડા**

# એક કામદાર સહિત કુલ ચાર નિવૃત કામદારોને પેન્શન પેન્શન તફાવત ગ્રેજ્યુટી રજાઓ સહિતના તમામ લાભો ચૂકવવાનો આખરી આદેશ

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પંચમહાલ તથા મહીસાગર જિલ્લાના મકાન અને માર્ગ પંચાયત વિભાગ ગોધરા લુણાવાડા સંતરામપુર ની કચેરી ત્રણ નિવૃત તથા પાનમ યોજના વર્તુળ ના એક કામદાર સહિત કુલ ચાર નિવૃત કામદારોને પેન્શન પેન્શન તફાવત ગ્રેજ્યુટી રજાઓ સહિતના તમામ લાભો ચૂકવવાનો આખરી આદેશ થતા પરિવારમાં મોટા પર્વ જેવો મહોલ



પંચમહાલ જિલ્લા તથા મહીસાગર જિલ્લાના મકાન અને માર્ગ વિભાગ પંચાયત માં વર્ષોથી ફરજ બજાવતા નાનાભાઈ ભેમાભાઈ ખાટ જેઓને સંસ્થાએ તારીખ૩૧/૫/૧૩ તથા છત્રા ભાઈ અણદા ભાઈ ડામોર ૩૧/૮/૦૭ તથા લક્ષ્મણભાઈ સરદારભાઈ ડામોર ૩૧/૧/૦૫ના રોજ નિવૃત કરવામાં આવેલ તેમજ પાનમ યોજના વર્તુળ રેણા મોરવા સિંચાઈ માં રોજમદાર તરીકે ફરજ બજાવતા પ્રતાપભાઈ ધુળાભાઈ પગી ને સંસ્થાએ તારીખ૩૧/૮/૦૯ ના રોજ નિવૃત કરવામાં છે જણાવેલ ચાર કર્મચારી પૈકી કોઈને પણ સરકારી સંસ્થા દ્વારા નિવૃત્તિના લાભો આપવામાં આવેલ ન હતા જેને લઇ ચાર નિવૃત્ત કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈ નો સંપર્ક કરી નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ નિવૃત્તિના લાભો મેળવવા માટે સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન અરજીઓ વ્યક્તિગત રીતે દાખલ કરે છે જે વિવાદના દરમિયાન પાનમ યોજના વર્તુળ રેણા મોરવા સિંચાઈ ના અરજદાર પ્રતાપભાઈ નું તારીખ૧૨/૪/૨૧ અવસાન થવા પામેલ જે કામે તેમના વારસપતની શારદાબેન ને જોડવામાં આવેલ આ ચાર કામદારોના નિવૃત્તિના લાભો મેળવવાનો વિવાદ ચાલી જતા ફેડરેશન અને કામદારો તરફે ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ દિપક આર દવે હાજર રહી કેસમાં પડેલ પુરાવા આધારિત દલીલો કરતા ગુજરાત હાઈકોર્ટન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ નિખિલ એસ કારીયલ સાહેબ દ્વારા મકાન અને માર્ગ વિભાગ પંચાયત ના ત્રણ કામદારોને નિવૃત્તિ ની તારીખથી પેન્શન ચૂકવવું તથા પેન્શન તફાવત ની રકમ ગ્રેજ્યુટી ની બાકી નીકળતી રકમ તથા ગુજરનાર પ્રતાપભાઈ ના વારસ પત્ની શાંતાબેન ને ગુજરનાર ની નિવૃત્તિની તારીખથી અવસાન ની તારીખ સુધી પૂરેપૂરું પેન્શન તથા ત્યારબાદ તેઓને ફેમિલી પેન્શન ચૂકવવા આખરી આદેશ કરવામાં આવેલ આમ વર્ષોથી નિવૃત થયેલા પેન્શન વિહોણા કામદારોને લાંબા સમય બાદ તફાવત સહિત પેન્શનની રકમ ચૂકવવાનો આદેશ થતા કામદારો તથા તેમના પરિવારમાં મોટા પર્વ સમાન આનંદમય વાતાવરણ સર્જાયું છે

---

# ૧૦૮૦ - ધ લિગસી ઓફ મહાવીર ફિલ્મનો ચારેબાજુથી સખત વિરોધ

૧૦૮૦- ધ લિગસી ઓફ મહાવીર ફિલ્મનો ચારેબાજુથી સખ્ત વિરોધ કરવામાં આવી રહ્યો છે. હ્યુમન રાઈટ્સ કમિશનમાં શ્રી મુંબઈ જૈન સંઘ સંગઠન દ્વારા કરવામાં આવેલી અપીલનું હિયરિંગ મુંબઈના કાર્યાલયમાં થયું હતું જેમાં હવે પછીની તારીખ ૨૨ ડિસેમ્બર આવેલી છે.

શ્રી મુંબઈ જૈન સંઘ સંગઠને પોતાના રિજોઈન્ડરમાં સ્ટેટને પાર્ટી બનાવીને પોતાની નવી એફિડેવિટ ફાઈલ કરી હતી જે હ્યુમન રાઈટ્સ કમિશને સ્વીકારીને જૂની નવી બધી પાર્ટીને આ સુધારેલી પ્રત હાથોહાથ અથવા રજિસ્ટર્ડ એડીથઈ સર્વિસ કરવાની સૂચના આપી હતી. સીબીએફસી કેન્દ્ર સરકારના બ્રોડકાસ્ટિંગ મિનિસ્ટ્રીનાં વકીલો હાજર રહ્યા નહોતા પરંતુ પ્રોડ્યુસર મહાવીર ટોકિઝ વગેરેના વકીલો ઓનલાઈન હાજર હતા. આ ફિલ્મમાં ભગવાનનું અને ગણધરો તેમ જ સાધુ ભગવંતનું પાત્ર બોલીવુડનાં એક્ટર્સ ભજવી રહ્યા છે તેનો ચારેબાજુથી સખ્ત વિરોધ થઈ રહ્યો છે. શ્રી મુંબઈ જૈન સંઘ સંગઠનનાં ટ્રસ્ટી શ્રી અશોકભાઈ કોરડિયા અને શ્રઈ જાંબલી ગલી જૈન સંઘના ટ્રસ્ટી શ્રી સ્નેહલભાઈ બાન્દ્રા કલેક્ટર ઓફિસમાં જઈને આવેદનપત્ર આપીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો કે જો આ ફિલ્મ રિલિઝ થશે તો જૈનોની ધાર્મિક લાગણી દુભાવવાને કારણે શાંત વાતાવરણ ડહોળાશે અને અહિંસક જૈનોએ નછૂટકે રસ્તા ઉપર આવીને હવે આનો અહિંસક વિરોધ કરવો પડશે.

શ્રી મુંબઈ જૈન સંગઠનના કન્વિનર – ટ્રસ્ટી નીતિન વોરા અને પ્રતિનિધિ મંડળે ઓલ્ડ કસ્ટમ હાઉસમાં પોતાનું આવેદનપત્ર આપીને આ ફિલ્મનો શેને માટે વિરોધ થઈ રહ્યો છે એ વિસ્તારથી સમજાવીને સરકારી અમલદારોને અવગત કર્યા છે.અમદાવાદ જૈન સંઘ સંગઠન દ્વારા પણ સખ્ત વિરોધ થઈ રહ્યો છે અને સમગ્ર અમદાવાદમાં આ માટે મોટા વિરોધ પ્રદર્શનોની તૈયારી થઈ રહી છે. સુરત ઉમરા જૈન સંઘના પરેશભાઈએ એક આવેદનપત્ર ગુજરાતના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીને આપેલ છે અને બ્રોડકાસ્ટિંગ મિનિસ્ટ્રીમાં આ વાત પહોંચાડવાની તાકીદ કરી છે.સોશ્યલ મીડિયામાં અનેક પોર્ટલો ઉપર આ ફિલ્મનો વિરોધ થઈ રહ્યો છે. કેમ કે એકતિથિ, બે તિથિ, ત્રિસ્તુતિક, પાર્શ્વચંદ્રગચ્છ, અચલગચ્છ સહિત અનેક ગચ્છના પૂજનીય શ્રી ગચ્છાધિપતિશ્રીઓ અને પ્રવરસમતિએ આ ફિલ્મ રિલિઝ ન થવું જોઈએ તેવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે. જે ખરતરગચ્છીય આચાર્ય ભગવંતની પ્રેરણાથી એ ફિલ્મ રિલિઝ થઈ રહ્યું છે તેમના ગચ્છાધિપતિ જિન મણિપ્રભસાગરજી મહારાજસાહેબ પણ પત્ર લખીને શ્રી જિનપિયુષસાગર મહારાજ સાહેબને ફરી વિચારણા કરવા વિનંતી કરી છે. હવે પછી ઘણાં મોટા પાયે સમગ્ર ભારતભરમાં આ ફિલ્મનાં વિરોધમાં દેખાવો – ધરણા થશે તેવી ભીતિ શ્રી મુંબઈ જૈન સંઘ સંગઠને વ્યક્ત કરી છે.

---

# રમતમાં ઉતમ પ્રદર્શન માટે ઉપવાસ કરો, પ્રાર્થના કરો. કિરપા કાયમ રહેંગી.!!!નહીંતર બાબાજી કા ઠુલ્લું છે જ!!

ડૂબતો માણસ બચવા તરણુંઝાલે તેવી આપણે ત્યાં કહેવત છે. તમે ધસમસતા પાણીમાં તણાઈ રહ્યા હોવ તો ઝાડનું થડ પણ તમને ડૂબતા બચાવી ન શકે. આ સંજોગોમા્ તરણું કેવી રીતે બચાવ કામગીરી કરી શકે ? એમ પણ કોઇ નિર્દોષ શંકા-કુશંકા કરતું નથી. શ્રધ્ધા અને અંધશ્રદ્ધાના ઝૂલતા પૂલ પર આપણે ઝૂલીએ છીએ. મોરબીના ઝૂલતા પૂલની જેમ શ્રધ્ધા કડડભૂસ કરતી તૂટી પડે છે.

વિજ્ઞાન અને ઘર્મ એકમેકના પૂરક છે? એકમેકના દુશ્મન છે? એકમેકના શું છે? તેની ખબર પડતી નથી. બંને વચ્ચેની ભેદરેખા હેર ક્રેક જેવી પાતળી અને સૂક્ષ્મ છે!! વિજ્ઞાન ઘર્મનો વિરોધ કરે છે. દલીલો, પ્રમાણો અને તથ્યોને ચકાસે છે અને તમામ પ્રક્રિયાના અંતે પ્રમાણભૂત તથ્યો, સિધ્ધાંતોનું સર્જન કરે છે!! મોટાભાગના ઘર્મોમાં ચમત્કાર ,મિથ,અંધશ્રદ્ધા વિપુલ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે!!

ઉપવાસની જ વાત કરીએ તો બધા ઘર્મોમાં ઉપવાસનું બાહુલ્ય અને પ્રાધાન્ય સર્વે સ્વીકૃત છે. ઉપવાસ કરવાની પધ્ધતિ અલગ અલગ છે!! આપણે ત્યાં છોકરીને શૈશવથી સારો વર (અરે સુવર ન કહેવાય!) મળે તે માટે કુંવારકાવ્રત,,ફૂલકાજળી, કેવડા ત્રીજને અને ન જાણે કેવા અને કેટલા વાર વરતોલા કરવા પડે છે. માનો કે છોકરી માટે લગ્નની અંતિમ લક્ષ્ય છે. છોકરીઓનો જન્મ માત્ર લગ્ન કરવા માટે થતો નથી એ સત્ય ઈરાદાપૂર્વક વિસારી દેવામાં આવે છે.,છોકરીને પોતાની ઈચ્છા , પાંખો, આસમાન છે. તેને આસમાનમાં વિહરવાનો હક્ક છે. ખુદની કારકિર્દીને કુમ્ભકાર જેમ ઘડાને આકાર આપે તેમ આકાર આપવાનો હક્ક છે. છોકરી ઉતમ કેળવણી પામે, સ્વાશ્રયી થાય તે માટે એક વ્રત ઉમેરવાનું કોઈને સૂઝતું નથી!!! સમાજમા્ છોકરીનો સાથેના ગુનાઓમાં આરોપી દ્વારા લગ્નની લાલચ આપીને ન કરવાનું કરવામાં આવે છે. છોકરીઓના દિમાગમાં બળજબરીથી ઘુલાડવામાં આવેલ અનિષ્ટ છે. સામાપક્ષે છોકરો સારી કન્યા પત્ની તરીકે મળે તે માટે એક પણ વ્રત કરતા નથી. છતાં ભંગારિયાને અપ્સરા જેવી પદ્મિની કયા માપદંડના આધારે મળે છે તો પણ એક સળગતો સવાલ છે!!

લોકો નોકરી મેળવવા, બઢતી મેળવવા, બદલી કરાવવા , બદલી અટકાવવા,, કવાર્ટર મેળવવા, છોકરી મેળવવા, સંતાન મેળવવા વગેરે કેટકેટલા કારણોસર ઉપવાસ રાખે છે. ઉપવાસ એ આત્માનો ખોરાક છે તેવું કહેવામાં આવે છે. ઉપવાસનો ઢોલ પિટવામા?ા આવે છે!! જૈનાના ઉપવાસ ( એમાં પણ બહેનાના વસ્ત્રો જેવી વેરાયટી હોય છે. જેમ કે અઠાઇ, માસક્ષમણ,,એકાસણું , ઓળી વગેરે. આ ઉપવાસ આકરા પાણીએ હોય છે. જેમાં ગરમ કરેલ સૂંઠવાળું પાણી જ વાપરવાનું હોય છે. સૂર્યાસ્ત પછી પાણી પણ પી ન શકાય!! મુસલમાનો રમઝાનત્રાં રોજા રાખે છે. જેમાં થૂંક પણ ગળે ઉતારી શકાય નહીં. બાકીના ઉપવાસ એ ચેઇન્જ ઓફ ફૂડ છે!!?આડા દિવસે ઉપલબ્ધ વાનગી કરતાં ઉપવાસના દિવસે વિપુલ પ્રમાણમાં ફરાળી વાનગી ઉપલબ્ધ હોય છે!!!

આપણી ફરાળી વાનગીને લીધે ઉપવાસ બદનામ છે!!!

કોઇ ખેલાડી ખેલમાં ઈચ્છિત સફળતા મેળવવા તનતોડ મહેનત કરે છે. ઉતમ તાલીમ, શ્રેષ્ઠ કોચ દ્વારા આધુનિક અને વૈજ્ઞાનિક ઢબની તાલીમ, સંતુલિત પોષક આહાર, ખેલદિલી, કુલ એપ્ટિટયુડ અને એટિટયુડ જરૂરી છે.ખેલાડી વ્યકિતગત કે સોલો ઈવેન્ટમાં સ્વર્ણપદક મળે તેવી ઈચ્છા રાખે તેમાં ખોટું પણ નથી. મહત્વાકાંક્ષા વિનાનો માણસ મમરાની બોરી સમાન છે!! ખેલાડી રમતમાં ઝળહળતી સફળતા મેળવે તે માટે ખેલાડી, માવતર, શુભેચ્છકો પ્રાર્થના કરતા હોય છે. દુવા અને દવાની સોલિડ અસર થાય છે!!ખેલાડી કે પરિવાર ઉપવાસ રાખે તેવું ક્યાંય સાંભળ્યુ નથી!!

દક્ષિણ આફ્રિકાના ઘાના દેશે ગજબ કરી નાંખ્યો દર તાર વરસે ફૂટબોલનો મહાકુંભ ફીફા વર્લ્ડ કપ યોજાય છે. ખરા અર્થમાં વર્લ્ડ કપ છે. ક્રિકેટ વર્લ્ડ કપમાં દુનિયામાં પંદરેક દેશો જ ભાગ લે છે. ક્રિકેટ તો જેન્ટલમેન ગેમ કહેવાય છે. પરંતુ ફૂટબોલ તો હિંસા, મારધાડ,,ઉતેજનાભરેલી ગેમ છે!! પ્રેક્ષકોની ચિચિયારી બિયર-લાઇનની તુક્કાઓ મેચને લાજવાબ બનાવે છે. કતાર ફૂટબોલ વર્લ્ડકપની યજમાની કરી રહ્યું છે.ઘાનાનો ફૂટબોલનો રેન્ક ૬૧ છે. ઘાના કવોલિફાઇંગ મેચમાં નાઈજિરીયાને હરાવીને વર્લ્ડ કપમા્ રમવા માટે કવોલિફાઇ થયું છે. જો કે ઘાનાનો પથ કંટકભર્યો છે.કેમ કે, ૨૦૨૨ માં ઘાના ૧૨ મેચોરમ્યું. તેમાથી દસમાંહાર મળી હતી અને માત્ર મહેમાન બે મેચોમાં નિકારાગુઆ અને મડાગાસ્કર સામે જીત મળી છે.ઘાનાની ટીમ આફ્રિકા કપ ચાર વાર જીત દર્જ કરી ચૂકી છે. પછી તેનું પ્રદર્શન સાતત્યસભર સતત કથળતું રહ્યું છે. ઘાનાની ટીમની નિષ્ફળતાનું ઠીકરું કોચ રાજીવેક પર ફોડ્યુંછે. જેને હટાવીને ઓટો એડોનને કોચ બનાવ્યો છે. છતાં, ઘાનાની ટીમનું પ્રદર્શન સુધર્યુ નથી. ફીફા કપમાં ઘાના અપેક્ષિત પ્રદર્શન કરે તે માટે ઘાનાની સરકારે રાષ્ટ્રીય ઉપવાસ અને પ્રાર્થના દિવસો નક્કી કર્યા છે. ખ્રિસ્તી લોકો રવિવારે અને મુસ્લિમો શુક્રવારે ઉપવાસ-પ્રાર્થના કરશે!! ઘાના ફૂટબોલ એસોસિએશન પણ સંમતિ આપી છે!!!

લાગે છે કે રમતમાં પ્રદર્શન માટે કોચિંગ, પ્રેકટિસ, સ્ટ્રેટેજી, માસ્ટર -મેક્રો પ્લાન, ખેલાડીની ગોલ કીપર, ડિફેન્ડર, મીંડ ફિલ્ડની કુશળતા, સામેની ટીમના ફાઉલને કારણે મળેલ પેનલ્ટી શૂટઆઉટને ગોલમાં ફેરવવાની પગોટી (પગોટી શબ્દ સાંભળી ચોંકશો નહીં. હાથ પરથી હથોટી હોય તો પગના કૌશલ્યની માસ્ટરીન્ પગોટી કેમ ન કહેવાય?), એકાગ્રતા , દ્રઢ નિર્ણય-નિશ્ચયની લગીરે જરૂર નથી. ટીમના ઉતમ પ્રદર્શન માટે ઉપવાસ કરો, પ્રાર્થના કરો. કિરપા કાયમ રહેંગી. નહીંતર બાબાજી કા ઠુલ્લું છે જ!! દિલ બહેલાવવા ખ્યાવી પુલાવ હસીન હૈ!! જય શેખચલ્લી. જય ઘાના! જય ઉપવાસ-પ્રાર્થના !!

ખાસ નોંધ: ક્રિકેટ વર્લ્ડ કપની ફાઇનલ મેચમાં ભારતની કારમી હારને લાગુ પડતું નથી એમ નિતાંતપણે માનવું નહીં!! મેચ પહેલાં પૂજા, પાઠ, હવન , નમાજ , દોરા ધાગા, બાધા, આખડી, આગાહી, ખરાબગ્રહ બદલવાના બધા ઉપાયો અજમાવી ચૂક્યા છતાં આપણે આપણી તકદીર કે કિસ્મત બદલી શકયા નથી. કાંગારૂઓએ કેવળ કર્યું અને પરિણામ આપણી સામે છે!!!

ભરત વૈષ્ણવ...

---

## સર્વહિતકારી દેશી ગાયનું પંચગવ્ય



પંચગવ્યનું નિર્માણ ગાયનાં દૂધ, દહીં, ઘી, ગૌ મૂત્ર અને છાણનાં પ્રમાણસરના સંયોજન વડે કરવામાં આવે છે. પંચગવ્ય દ્વારા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારીને રોગોને દૂર કરી શકાય છે. ગાયનાં છાણનું મહત્ત્વ સ્કીન ડીસીઝની સારવાર માટે ખૂબ જ છે. ગંભીર ચામડીનાં રોગોનાં ઉપચારમાં તે ખૂબ જ ઉપયોગી છે. ગાયનાં દહીં તેમજ ઘીમાં રહેલાં વિવિધ પોષકદ્રવ્યો રહેલા છે. ગૌ મૂત્ર અર્કથી તો કેન્સર જેવા રોગો મટાડી શકાય છે. મહર્ષિ ચરકનાં કહેવા અનુસાર ગોમૂત્ર કટુ, તીક્ષ્ણ તેમજ કષાય હોય છે. તેનાં ગુણોમાં ઉષ્ણતા હોય છે. તે અગ્નિદીપક ગુણ પણ ધરાવે છે. ગોમૂત્રમાં નાઇટ્રોજન, સલ્ફર, એમોનિયા, કોપર, લોહતત્ત્વ, યુરિક એસિડ, યુરિયા, ફોસ્ફેટ, સોડિયમ, પોટેશિયમ, મેગેનીઝ, કાર્બોલિક એસિડ, કેલ્શિયમ, વિટામિન-બી, વિટામિન-એ, ડી, ઇ, એન્ઝાઈમ, લેકટોઝ વગેરે રહેલા હોય છે. ગાયનાં દૂધનો ઉપયોગ વિભિન્ન પ્રકારે ભારતની પ્રાચીન સંસ્કૃતિમાં પુરાતનકાળથી થઇ રહ્યો છે. ગાયનાં દૂધને સંપૂર્ણ આહાર પણ માનવામાં આવે છે. ગાયનું દૂધ પૌષ્ટિક, પચવામાં સરળ અને ગુણોથી ભરપૂર છે. ગાયનું ઘી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ખૂબ ઉપયોગી છે. ગાયનું ઘી માનસિક વિકાસ તેમજ ક્ષમતા માટે પણ ઉપયોગી સિધ્ધ થયેલું છે. ગાયના દૂધમાંથી બનેલા દહીંમાં સુપાચ્ય પ્રોટીન હોય છે.

પંચગવ્યનું નિર્માણ દેશી વન વિચરણ કરતી ગાયો પાસેથી પ્રાપ્ત ઉત્પાદનો દ્વારા જ કરવું જોઇએ. દેશીગાયોનો ઉપયોગ પંચગવ્યનાં નિર્માણ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ ગાયોમાંથી મેળવેલા દ્રવ્યોમાં માનવજાત માટે જરૂરી બધાં જ તત્ત્વ પ્રાપ્ત થાય છે. એલોપથિક, હોમિયોપેથીક અને આયુર્વેદની જેમ જ પંચગવ્ય પણ એક શરીર સ્વસ્થ રાખવા તથા રોગોના ઈલાજ કરવાની એક પદ્ધતિ છે. પંચગવ્ય તથા અન્ય ગૌજન્ય વસ્તુઓનો ઉપયોગ આયુર્વેદમાં ઘણા રોગો જેવા કે પાચન સંબંધી રોગ, અસ્થિરોગ, ચર્મ-રોગ, મધુપ્રમેહ, અમ્લપિત્ત, શ્વેત કૃષ્ઠ, મૂત્રપિંડ સંબંધિત રોગો, શ્વાસ રોગ ઇત્યાદિને મટાડવામાં થાય છે.

પંચગવ્યનો ઉપયોગ માથામાં નાખવાનું તેલ, શેમ્પુ, સ્કિન ક્રીમ, સાબુ, નાક નું સ્પ્રેય, શરીરે લગાવવાનો પાવડર, બોડી ક્રિમ, દંતમંજન વગેરે બનાવવા માટે પણ થાય છે.

મિત્તલ ખેતાણી

# ગોવા ખાતે પ્રારંભ થયેલ ૫૪ મા ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં બ્રહ્માકુમારીઝ ની અધ્યાત્મ ફિલ્મ"ધી લાઈટ"પ્રસ્તુત થશે.



વૈશ્વિક સ્તરે મહિલા આધ્યાત્મિક સશક્તિકરણના અદભુત કાર્યના પ્રણેતા પિતાશ્રી બ્રહ્મા ની જીવન કહાની પર આધારિત ફિલ્મને સ્થાન ૨૫ નવેમ્બર ના રોજ સાંજે ૭ વાગે ગોવાના થિયેટરમાં રજૂ થશે.

આબુ (ડીસા) આંતરરાષ્ટ્રીય અધ્યાત્મ સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય સમાજના વિવિધ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. ત્યારે તેના ગોડલીવુડ સ્ટુડિયો આબુ તરફથી અનેક પ્રેરક ફિલ્મ બનાવવામાં આવેલ છે. તેની કદરરૂપે ગોવા ફિલ્મ ફેસ્ટિવલમાં તેની પ્રસ્તુતિની પરવાનગી મળેલ છે જે અધ્યાત્મ ગૌરવ સમાન રહેશે.

બ્રહ્માકુમારીઝ મીડિયાના શશીકાંત ત્રિવેદીના જણાવ્યાનુસાર ગોવા ખાતે પ્રારંભ થયેલ ૫૪ માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા નું ઉદઘાટન સૂચના અને પ્રસારણ મંત્રી ભારત સરકારના મંત્રી અનુરૂધ્ધ ઠાકરે કરેલ જેમાં પ્રસિદ્ધ ફિલ્મ હસ્તીઓ સની દેઓલ, માધુરી દીક્ષિત, કરણ જોહર ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત સહિત અનેક દેશોના ફિલ્મ ઉદ્યોગના ડાયરેક્ટર્સ - અભિનેતા અભિનેત્રીઓ હાજરી આપી જેમાં બ્રહ્માકુમારીઝ ને પણ આમંત્રણ અપાયેલ જે અનુસંધાને વૈશ્વિક સ્તરે ૧૯૩૭ થી જ સંસ્થાના આદ્ય સ્થાપક પિતાશ્રી બ્રહ્મા બાબાએ નારી શક્તિના સંગઠનને વિશ્વમાં પરિવર્તનના ઈશ્વરીય કાર્યમાં સમર્પિત કરેલ અને આજે ૫૦ હજાર બ્રહ્માકુમારી બહેનો માનવ માત્રના જીવનમાં આધ્યાત્મિકતા ભારતીય દિવ્ય સંસ્કૃતિ રાજ યોગા સહકારાત્મક જીવન શૈલી જ્ઞાન આપી જીવનમાં પ્રેરણા આપે છે તથા મહિલા શક્તિ તેના આધ્યાત્મ સશક્તિકરણ માટે વિશ્વમાં મહિલા જગતને આગળ લાવવા સતત પ્રયત્ન કરે છે જેના પ્રેરક સંસ્થાના આદ્ય સ્થાપક બ્રહ્મા બાબાની દિવ્ય જીવન કહાની ને ફિલ્મમાં રૂપાંતર કરી ગોવા ખાતેના થિયેટરમાં ૨૫ નવેમ્બરના રોજ સાંજે ૭ કલાકે અનેક વૈશ્વિક મહાનુભાવોની ઉપસ્થિતિમાં બતાવાશે જેમાં વિદેશ સેન્ટરના ડાયરેક્ટર રાજ યોગીની જયંતિ દીદી ગોડલી વુડ સ્ટુડિયોના હરિલાલ ભાનુશાળી શહીત બ્રહ્માકુમારીઝ ના અનેક પદાધિકારીઓ ગોવા ફેસ્ટિવલમાં ભારતીય અધ્યાત્મકતાને સમજાવવા આવેલ છે. ×ધી લાઈટ× ફિલ્મ અનેક ના જીવનમાં પ્રેરણા આપશે.

# બનાસકાંઠા જીલ્લામાં લીલા વૃક્ષો નુ ખુલ્લેઆમ નિકંદન...



જીલ્લા ના ધાનેરા દાંતીવાડા. ડીસા. દિયોદર વડગામ. પાલનપુર છાપી. ની સો મીલો મા વગર પાસ પરમિટ નો માલ ઠલવાય છે છતાં જવાબદાર તંત્ર મૌન!!! બનાસકાંઠા જીલ્લાના ધાનેરા. દાંતીવાડા. ડીસા. પાલનપુર. વડગામ. છાપી. દિયોદર વિસ્તારમાં કઠીયારા લીલા વૃક્ષો નુ મામલતદાર તેમજ ફોરેસ્ટ વિભાગ ના કોઈ પણ પાસ પરમિટ વગર નિકંદન કાઢી સો મિલો મા ભરાવી રહયા છે ખેતર અથવા ઘર ની આગળ નડતરરૂપ વૃક્ષ સ્થાનિક મામલતદાર ની મંજૂરી થી નિકાલ કરી શકાય છે પરંતુ ખેતરમાલીક કે કઠીયારા દવારા આવી કોઈ પણ મંજૂરી લીધા વિના માત્ર પૈસા કમાવવાની લાલસા મા લીલા ઉભા વૃક્ષો નુ ખુલ્લેઆમ બેટરી પાવર વાળા મશીનો થી કટિંગ કરી પર્યાવરણ ને ખતમ કરવા મા આવી રહ્યું છે એક તરફ રાજ્ય સરકાર વન મહોત્સવો કરી લીલા વૃક્ષો વધુ મા વધુ વપરાય તેવા પ્રયત્ન કરે છે તો બીજી તરફ જવાબદાર અધિકારીઓ ની મિલી ભગત થી જીલ્લા માં લીલા ??વૃક્ષો નુ કઠીયારા ઓ દવારા નિકંદન કાઢવામાં આવી રહ્યું છે તો જાગ્યા ત્યાર થી સવાર સમજી જવાબદાર તંત્ર રોડ ઉપર લીલા વૃક્ષો ભરી ખુલ્લેઆમ દોડતા ટ્રેકટરો પકડી કાયદેસર કાર્યવાહી કરે તેવી પર્યાવરણ પ્રેમી ઓ ની માગણી છે .

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા સમગ્ર ગુજરાતભરમાં યોજાઇ રહી છે જે સંદર્ભે આજે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પત્રકાર પરિષદ યોજાઇ હતી.



ભારીતય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટી હર હમેંશ જનસેવા કાર્યો થકી ગરિબ, આદિવાસી અને છેવાડાના માનવીના ઉત્થાન માટે કામ કરતી આવી છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આજે ગરિબ, શોષિત, પિડિત, વંચિત અને છેવાડાના માનવીના ઉત્થાન માટે કેન્દ્ર સરકાર સતત કામ કરી છે જેનુ ઉત્તમ ઉદાહરણ છે કે કેન્દ્ર સરકારે ૧૮૦ જેટલી યોજનાઓ જનકલ્યાણ માટે જાહેર કરી છે જેમાં દરેક વર્ગ, સમાજનો સમાવેશ કરવામાં આવ્યો છે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું લક્ષ્ય છે કે કેન્દ્ર સરકાર કે રાજય સરકારની યોજનાનો ૧૦૦ ટકા લાભ જરૂરિયાત મંદોને મળે તે હેતુને ચરિતાર્થ કરવા માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે જે સંદર્ભે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યાત્રાના ઇન્ચાર્જ શ્રી બ્રિજેશભાઇ મેરજા, પ્રદેશ પ્રવકતા શ્રી યમલભાઇ વ્યાસ, સહ પ્રવકતા અને યાત્રાના સહ ઇન્ચાર્જશ્રી હિતેન્દ્રભાઇ પટેલ, સહ ઇન્ચાર્જશ્રી હરેશભાઇ ચૌધરી તેમજ પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવેની ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી. શ્રી બ્રિજેશભાઇ મેરજાએ યાત્રા વિશે વિસ્તારથી જણાવ્યું કે, ગુજરાતની ગ્રામ પંચાયતોમાં ભારત વિકસીત યાત્રાના રથો જશે એક દિવસમાં બે ગ્રામ પંચાયત વિકાસ યાત્રાનો રથ જશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જન કલ્યાણ માટે કરેલ યોજનાનો લાભ વધુમાં વધુ લોકોને મળે તે માટે પ્રયાસ કરવામાં આવશે. ભારત વિકસીત યાત્રા (૨૨-૧૧-૨૦૨૩) થી ૨૬ જાન્યુઆરી ૨૩ સુધી વિધાનસભા દીઠ એક વિડિયો વાન રથ ગામેગામ ફરશે આવા કુલ ૧૪૮ જેટલા રથો સમગ્ર રાજયમાં ગામે ગામ ફરશે.આ યાત્રા બે તબક્કામાં દેશના તમામ જિલ્લાઓની ગ્રામ પંચાયતો અને શહેર વિસ્તારમાં ફરી સરકારની ૧૭ જેટલી માહિતી અને લાભો ઘર ઘર સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામા આવશે.

શ્રી યમલભાઇ વ્યાસે માહિતી આપતા જણાવ્યું કે, વિકસીત ભારત સંકલ્પ યાત્રામાં ભારત સરકારે દેશને વિકાસની નવી દિશા આપવા માટે ૧૦ વર્ષથી સતત અથાગ પ્રયત્નો કર્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે દેશના છેવાડાના માનવીને પણ સુવિધાનો લાભ મળે તે માટે પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો વડાપ્રધાનશ્રીના સંકલ્પને સફળતા પુર્વક પુર્ણ કરવા પ્રયાસ કરી રહ્યા છે. વિકસીત યાત્રા અંતર્ગત ગુજરાતભરમાં યાત્રાના રથો જશે અને લોકોને સરકારની યોજનાની માહિતી મળે અને લાભ લઇ શકે તે માટે માર્ગ દર્શન આપશે આ યાત્રાને સફળ બનાવવા માટે સંગઠન દ્વારા એક ઇન્ચાર્જ અને ૫ સહ ઇન્ચાર્જ ની નીમણુંક કરવામાં આવી છે.

શ્રી હિતન્દ્રભાઇ પટેલે માહિતી આપતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિકસીત ભારતનો સંકલ્પ કર્યો છે અને તે માટે અંદાજે ૧૮૦ જેટલી યોજનાઓ દરેક વર્ગ અને સમાજને ધ્યાને રાખી જાહેર કરી છે જેથી વિકસીત ભારતમાં દરેક વ્યકતિનો સાથ મળે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હમેંશા સરકારની યોજનાનો લાભ સૌને મળે તે માટે પ્રયાસ કરતા રહ્યા છે ત્યારે સમગ્ર ભારત ભરમાં વિકસીત ભારત યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે જેનો ગુજરાતમાં પણ પ્રારંભ થઇ ગયો છે. ગુજરાતમાં વિકસીત ભારત યાત્રા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શનમાં ગુજરાતભરમાં આ રથ પરિભ્રમણ કરશે અને લાભાર્થીઓને સરકારની યોજનાનો લાભ મળે તેની માહિતી મળે તેનુ આયોજન કરવામાં આવ્યું છે.

# રાધનપુર ખાતે ૨.૧૧ કરોડ નો ઈંગ્લિશ દારૂનો નાશ કરવામાં આવ્યો

પાટણ જિલ્લાના રાધનપુર ખાતે ૨.૧૧ કરોડ નો ઈંગ્લિશ દારૂનાં જથ્થાનો નાશ કરવામાં આવ્યો જેમાં રાધનપુર ડિવિઝન નાં ૭ પોલીસ સ્ટેશન નો પકડાયેલો દારૂનો નાશ કરાયો હતો.પાટણ જિલ્લાના રાધનપુર ખાતે ડીવાયએસપી ડી ડી ચૌધરી ,રાધનપુર નાયબ કલેક્ટર,નશાબંધી અધિકારી ની ઉપસ્થિતિમાં રાધનપુર,સાંતલપુર સમી, વારાહી,શંખેશ્વર સહિતના સાત પોલીસ સ્ટેશનમાં પકડાયેલા ઇંગલિશ દારૂનો આજરોજ રાધનપુર ખાતે નાશ કરવામાં આવ્યો હતો.રાધનપુર ડિવિઝન નાં તમામ સાત પોલીસ સ્ટેશનનો પકડાયેલો ઈંગ્લિશ દારૂ બિયર સહિત નો મુદ્દામાલ નો રૂરલ ફેરવી નાશ કરાયો હતો રાધનપુર મહેસાણા રોડ ઉપર આવેલ ખુલ્લી જગ્યાની અંદર આ દારૂ નો જથ્થો લાવવામાં આવ્યો હતો. અને દારૂની બોટલો જમીન પર રાખીને તમામ દારૂની બોટલો ઉપર લોડર રૂરલ ફેરવી દરેક પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ અને હ્રૂજીૅ નાં હાજરી દરમિયાન આ ઇંગલિશ દારૂ નો નાશ કરવામાં આવ્યો હતો.આજના દારૂ નાશ કરવાની કામગીરી દરમિયાન તમામ પોલીસ સ્ટેશનના પીએસઆઇ સ્ટાફ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ ઈંગ્લીશ દારૂ નાં જથ્થાનો ટોટલ નાશ કરવામાં આવ્યો હતો રાધનપુર ખાતે નાશ કરાયેલ ઈંગ્લીશ દારૂ નાં જથ્થામાં જોઈએ તો રાધનપુર ડિવિઝન નાં સાત પોલીસ સ્ટેશન નો દારૂ જે ગઈ સાલ અને ચાલુ સાલ નો ઈંગ્લિશ દારૂ જે બોટલ ૧ લાખ થી વધુ અને જેની કિંમત અંદાજિત ૨.૧૧ કરોડ નો દારૂનો નાશ કરવામાં આવ્યો હતો

નિખિલ જોષી: પાટણ જિલ્લા બ્યુરોચીફ

# હારીજ વાઘેલ રોડ આવેલ ગે.કા ઈંટના ભઠ્ઠા મામલે મામલતદારે તપાસ આદરી



હારીજ વાઘેલ રોડ ખાતે આવેલ સર્વ નંબર ૧૫૯ પૈકી ૧/૨ મા બી એસ ચીમની ઈટ ભઠ્ઠાની તપાસ હાથ ધરવા જાગૃત નાગરીક દ્વારા જાહેર હિતમાં તંત્ર ને રજુઆત કરવામાં આવી હતી જે અન્વયે હારીજ મામલતદાર દ્વારા તપાસ નો હૂકમ કરવામાં આવતા પાટણ ખાણ ખનીજ વિભાગ કસ્બા તલાટી સર્કલ અધિકારી સ્થળ તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરી છે ત્યારે મહેસુલી કલમ ૬૫ હેઠળ બિન ખેતી હૂકમ થી શરતોને આધીન તંત્ર દ્વારા ચીમની ઈટ ભઠ્ઠા ને મંજુરી આપવામાં આવે છે ત્યારે હારીજ વાઘેલ રોડ રામદેવ ગોડાઉન પાસે ઓતરીયું સીમ વિસ્તારમાં ખાતે આવેલ બી એસ માર્કો ચીમની ઈટ ભઠ્ઠા માલિક દ્વારા પોલ્યુશન બોર્ડ સર્ટિ લેબર સર્ટિ પરપ્રાંતિય લેબર ફાઈલ વિગેરે સરકારી નિયમો વિરુદ્ધ લાખો ઈંટો નુ ઉત્પાદન કરી પરપ્રાંતિય ઈસમો ચીમની ઈટ ભઠ્ઠા ચલાવી રહ્યો છે ત્યારે નિયમ વિરુદ્ધ જ્વલનશીલ કેમિકલ ઈટ ભઠ્ઠા માં વાપરતા પશુ પક્ષી મનુષ્ય જાહેર પર્યાવરણ ખેતી પાકો ને નુકશાન પહોંચાડ્યું છે ચીમની ઈટ ભઠ્ઠા માલિક દ્વારા ઍક સર્વે નંબર થી બીન ખેતી હંગામી મંજુરી મેળવી ગેરકાયદેસર રીતે સરકારી પડતર દેવસ્થાન સહીત આજુબાજુનાં ખેતી સર્વે નંબર વાળી જમીનો માં ખોદકામ કરી ખેતી ની જમીન બંજર બનાવી છે ત્યારે તંત્ર દ્વારા નકશા ડ્રેસિંગ પ્રમાણે આજુબાજુનાં સર્વ નંબર ની પણ નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં આવે તો લાખો મેટ્રિક ટન સાદી માટી નુ બારોબારિયું કરી સરકારી તિજોરીને ચૂનો લગાવ્યો હોવાનુ બહાર આવે તેવુ જાણવા મળી રહ્યુ છે ચીમની ઈટ ભઠ્ઠા પરવાનગી માટે જી.પી.સી બી કેમિકલ સર્ટિ લેબર સર્ટિ ગૃહ વિભાગ માં પરપ્રાંતિય ફાઈલ વિગેરે ફરજીયાત છે તે દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા વગર કંઈ રીતે પરપ્રાંતિય ઈસમો વસવાટ કરી લાખો ઈંટો નુ ઉત્પાદન કરી રહ્યા છે પાટણ જિલ્લો પાકિસ્તાન. સરહદને જોડતો હોઇ તંત્ર દ્વારા પરપ્રાંતિય ફાઈલ અતી સંવેદનશીલ મુદ્દો બનવા પામે છે જે તંત્ર દ્વારા તાકીદે તપાસ હાથ ધરી બી એસ ચીમની ઈટ ભઠ્ઠા માલિક ઉપર કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી વિસ્તારનાં જાગૃત નાગરીકો ખેડુતો માં ભારે માગ ઉઠવા પામી છે.ત્યારે બી એસ ચીમની ઈટ ભઠ્ઠા તપાસ બાબતે હારીજ મામલતદાર વી ઓ પટેલ જણાવ્યુ હતુ કે તપાસ હાથ ધરવામાં આવી છે ગત રોજ ખાણ ખનીજ સર્કલ કસ્બા તલાટી વિગેરે સ્થળ તપાસ હાથ ધરી હતી વધુમાં પોલ્યુશન પરપ્રાંતિય સર્ટિ લેબર ફાઈલ એન એ પરવાનગી સહીત જરૂરી દસ્તાવેજી પુરાવા ચકાસણી કરવામાં આવશે અને ભઠ્ઠા માલિક દ્વારા નિયમો નુ પાલન નહીં કરાયુ હોય તો કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે

નિખિલ જોષી: પાટણ જિલ્લા બ્યુરોચીફ

# મહાનગરપાલિકાની ટીમ દ્વારા સ્વચ્છતા અંગે સરપ્રાઈઝ ચેકિંગ, ૬૨ ઈસમો પાસેથી વહિવટી ચાર્જ વસૂલવામાં આવ્યો

તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૩
ગાંધીનગર,

"સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવાના નિરંતર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત આજરોગ ગાંધીનગર મહાનગરપાલિકાની ટીમ દ્વારા વિવિધ જગ્યાઓ પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી જે. એન. વાઘેલાની અધ્યક્ષતામાં મહાનગરપાલિકાના સિનિયર અધિકારીશ્રીઓની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શહેરના મુખ્ય માર્ગો પર થતી સફાઇ કામગીરીની રૂબરૂ મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ સમીક્ષા મુલાકાત દરમિયાન શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર ગંદગી કરતા ૬૨ જેટલા લારી-ગલ્લા ચલાવતા ઈસમો પાસેથી રૂપિયા ૨૯,૫૦૦/- જેટલો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. આ સાથે જ ઘ-૫, ઘ-૬ તેમજ પથિકાશ્રમ પાસેનાં વિસ્તારમાં



વડાપાઉં-દાબેલીનો વેપાર કરતાં ઈસમો પાસેથી કુલ ૩૫ કિલોગ્રામ જેટલા એક્સપાયરી ડેટ પૂર્ણ થઈ ગયેલ પાઉં તથા બ્રેડ અને અન્ય અખાદ્ય સામગ્રી મળી આવતા તેનો નાશ કરવામાં આવ્યો હતો. માન. કમિશનરશ્રી દ્વારા તમામ ઈસમોને આસપાસનાં ભાગમાં સફાઈ જાળવી રાખવા, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જાળવી રાખવા તથા ફરજિયાતપણે ડસ્ટબિનનો ઉપયોગ કરવા માટે સૂચના આપવામાં આવી હતી. આ વિસ્તારમાં ચા વેચતા ઈસમો પાસે ચા બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતું પાણી ચેક કરવામાં આવ્યું હતું. જેમાં મચ્છરોના પોરા જોવા મળતા તેનો તાત્કાલિક નિકાલ કરીને ઈસમો પાસેથી વહિવટી ચાર્જની વસૂલાત કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારાભવિષ્યમાં પણ ગંદગી કરતાં ઈસમો સામે આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

## નાગરિકોના પ્રશ્નોના સરળતાથી અને ઝડપી ઉકેલ માટે ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રી હિતેશ કોયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લા સ્વાગત કાર્યક્રમ ૨૩-નવેમ્બરે જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લામાંથી ૨૦ પ્રશ્નોની રજૂઆત નાગરિકો દ્વારા કરવામાં આવી હતી. જેમાંથી ૧૮ પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ આવ્યો હતો. જ્યારે બે પ્રશ્ન પેન્ડિગ રહ્યા હતા. નાગરિકોના પ્રશ્નોના સરળતાથી અને ઝડપી ઉકેલ માટે ત્રિસ્તરીય સ્વાગત કાર્યક્રમ તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાએ યોજાય છે જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના અઘ્યક્ષ સ્થાને કલેકટર કચેરી, ગાંધીનગર ખાતે નવેમ્બર મહિનાના જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્વાગત કાર્યક્રમમાં લોક સમસ્યાને વાચા આપતાં વિવિઘ ૨૦ પ્રશ્નો રજૂ થયા હતા. જેમાં જમીન ફાળવણી, દબાણ, જમીન માપણી, સ્ટ્રીટ લાઇટ વ્યવસ્થાપન સંલગ્નનાં પ્રશ્નોની રજૂઆત જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં કરવામાં આવી હતી.આ કાર્યક્રમ થકી જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાએ સર્વે અરજદારોની વાત સાંભળી હતી. જે પ્રશ્નની રજૂઆત થાય તે અંગે સંબંઘિત અધિકારીશ્રીઓ પાસે તેનો પ્રત્યુત્તર સાંભળ્યો હતો. તેમજ અરજદારોના પ્રશ્નનો ઉકેલ શકય હોય તેટલો ઝડપી થાય તે માટે અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. સુરભિ ગૌતમ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.